UNITY PUBLICATION™

મૉડલ પ્રશ્નપત્ર ક્રમાંક

UNITY/CCE-A/P3/02

ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ મુજબ

સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE)
ગ્રુપ-A મુખ્ય પરીક્ષા

પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

યુનિટી પેપરસેટ · મૉડલ પ્રશ્નપત્ર – 2

સમય : 3 કલાક | **કુલ પ્રશ્નો : 56** | **કુલ ગુણ : 150**

ઉમેદવારનું નામ : ..... તારીખ : .....

શરૂ કર્યાનો સમય : ..... મેળવેલ ગુણ : _____ / 150

ઉમેદવારો માટે સૂચનાઓ

1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગમાં કુલ 56 પ્રશ્નો છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે જમણી બાજુ દર્શાવેલ છે.
3. ઉત્તર નીચે દર્શાવેલ શબ્દમર્યાદામાં જ લખો. શબ્દમર્યાદા કરતાં ઘણો લાંબો કે ટૂંકો ઉત્તર ગુણ ઘટાડી શકે છે.
4. જરૂર જણાય ત્યાં કોષ્ટક, ફ્લોચાર્ટ, આકૃતિ કે નકશો દોરી શકો છો.
5. ઉત્તર ગુજરાતી ભાષામાં, સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.
6. ઘડિયાળ સામે રાખી 3 કલાકમાં આખું પ્રશ્નપત્ર લખો. ઉત્તરો "યુનિટી પેપરસેટ" પુસ્તકના આદર્શ ઉત્તર સાથે સરખાવી જાતે ગુણ આપો.

વિભાગ	પ્રશ્ન ક્રમ	પ્રશ્ન × ગુણ	શબ્દમર્યાદા	કુલ ગુણ
ક	1 – 10	10 × 1	10–20 શબ્દો	10
ખ	11 – 20	10 × 2	20–30 શબ્દો	20
ગ	21 – 50	30 × 3	30–50 શબ્દો	90
ઘ	51 – 56	6 × 5	આશરે 100 શબ્દો	30

આ યુનિટી પબ્લિકેશન દ્વારા તૈયાર કરાયેલું મહાવરા માટેનું મૉડલ પ્રશ્નપત્ર છે. તે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રકાશિત નથી.

TELEGRAM

નવાં પ્રશ્નપત્રો માટે અમારી ટેલિગ્રામ ચેનલમાં જોડાઓ

t.me/madhavdholakiya · www.unitypublication.org

ઉત્તર સહિત 25 પ્રશ્નપત્રો માટે: યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A

WEBSITE

વિભાગ – ક : 1 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 1–10 · ઉત્તર: 10–20 શબ્દો

પ્ર. 1 લોથલ ક્યાં આવેલું છે અને તેની શોધ ક્યારે થઈ? **[1]**

પ્ર. 2 'સિનેમા' શબ્દની ઉત્પત્તિ ક્યાંથી થઈ છે અને તેનો મૂળ અર્થ શું છે? **[1]**

પ્ર. 3 'કાર્બન સિંક'ની વ્યાખ્યા આપો. **[1]**

પ્ર. 4 ઈ-ગવર્નન્સના સંદર્ભમાં 'G2C' મોડેલ એટલે શું? **[1]**

પ્ર. 5 શ્રીહરિકોટાથી ઇસરોનું 100મું પ્રક્ષેપણ કયા રૉકેટ દ્વારા અને ક્યારે થયું? **[1]**

પ્ર. 6 હેન્લી પાસપોર્ટ ઇન્ડેક્સ (જુલાઇ 2026)માં ભારતનો ક્રમ જણાવો. **[1]**

પ્ર. 7 અનુચ્છેદ 261 હેઠળ ‘પૂર્ણ વિશ્વાસ અને શ્રેય’ની જોગવાઈનો હેતુ શું છે? **[1]**

પ્ર. 8 61મા બંધારણીય સુધારા (1988) દ્વારા મતદાનની લઘુતમ ઉંમર કેટલી કરવામાં આવી? **[1]**

પ્ર. 9 'બજેટ' એટલે શું અને ભારતમાં તે બંધારણના કયા અનુચ્છેદ હેઠળ રજૂ કરવામાં આવે છે? **[1]**

પ્ર. 10 ભારતીય અર્થવ્યવસ્થાના સંદર્ભમાં 'મિશ્ર અર્થતંત્ર'નો ખ્યાલ શું સૂચવે છે? **[1]**

વિભાગ – ખ : 2 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 11–20 · ઉત્તર: 20–30 શબ્દો

પ્ર. 11 ઋગ્વેદિક કાળની 'સભા' અને 'સમિતિ' વિશે ટૂંકમાં જણાવો. **[2]**

પ્ર. 12 દાદાસાહેબ ફાળકે પુરસ્કાર શું છે અને તે સૌપ્રથમ કોને મળ્યો હતો? **[2]**

પ્ર. 13 વસ્તી સંક્રમણ સિદ્ધાંતના પ્રથમ તબક્કાની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. **[2]**

પ્ર. 14 FIDE મહિલા વિશ્વ કપ 2025માં દિવ્યા દેશમુખની સિદ્ધિ અને તેનું મહત્ત્વ જણાવો. **[2]**

પ્ર. 15 બિહારના પ્રથમ ભાજપ મુખ્યમંત્રી બાબતે જણાવો. **[2]**

પ્ર. 16 કેન્દ્ર સરકારની કારોબારીની રચના અને તેના મુખ્ય ઘટકો જણાવો. **[2]**

પ્ર. 17 લોકશાહીમાં સિવિલ સેવાને ‘સ્થાયી કારોબારી’ શા માટે કહેવામાં આવે છે? **[2]**

પ્ર. 18 વલણના મૂળભૂત ઘટકો જણાવો. **[2]**

પ્ર. 19 GSTના અમલ પછી ભારતની પરોક્ષ કર પ્રણાલીમાં કયાં મુખ્ય પરિવર્તનો આવ્યાં? **[2]**

પ્ર. 20 'યોજના અવકાશ' શા માટે રાખવામાં આવ્યો હતો? આ સમયની મુખ્ય કામગીરી શું હતી? **[2]**

વિભાગ – ગ : 3 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 21–50 · ઉત્તર: 30–50 શબ્દો

પ્ર. 21 હડપ્પા સંસ્કૃતિના લોકોના ધાર્મિક જીવનની ટૂંકમાં ચર્ચા કરો. **[3]**

પ્ર. 22	ઋગ્વેદિક કાળ અને ઉત્તર વૈદિક કાળ વચ્ચેનો તફાવત સમજાવો.	**[3]**
પ્ર. 23	હડપ્પા સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિ વચ્ચેનો તફાવત સમજાવો.	**[3]**
પ્ર. 24	વૈદિક કાળમાં સ્ત્રીઓના સ્થાનની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 25	ભારતીય રંગભૂમિની વિશિષ્ટતાઓને ભારતીય સિનેમાથી કેવી રીતે અલગ પાડી શકાય?	**[3]**
પ્ર. 26	ગુજરાતી રંગભૂમિના વિકાસમાં 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'નું શું યોગદાન રહ્યું?	**[3]**
પ્ર. 27	ભારતીય શાસ્ત્રીય સંગીતમાં 'રાગ' અને 'તાલ'ની વિભાવના સમજાવો.	**[3]**
પ્ર. 28	પ્રાચીન લોથલ બંદરની સામુદ્રિક ઇજનેરી અને તેના સાંસ્કૃતિક મહત્ત્વ પર ટૂંકનોંધ લખો.	**[3]**
પ્ર. 29	ગુજરાતના દરિયાકાંઠાનું ભૌગોલિક અને આર્થિક મહત્ત્વ સ્પષ્ટ કરો.	**[3]**
પ્ર. 30	વૈશ્વિકીકરણની ભારતીય કૃષિ ક્ષેત્ર પર પડેલી આર્થિક અને પર્યાવરણીય અસરોનું આલોચનાત્મક મૂલ્યાંકન કરો.	**[3]**
પ્ર. 31	ભારતમાં વસ્તીગીચતાની પ્રાદેશિક અસમાનતા માટે જવાબદાર મુખ્ય ભૌતિક પરિબળોની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 32	માનવ ઇતિહાસમાં શિકાર અને સંગ્રહ પ્રવૃત્તિથી ખેતી તરફના પરિવર્તનનો આર્થિક ઇતિહાસ ટૂંકમાં આલેખો.	**[3]**
પ્ર. 33	ભારતના 'ન્યુક્લિયર એનર્જી મિશન'ના મુખ્ય ઉદ્દેશો અને તેનું વ્યૂહાત્મક મહત્ત્વ સમજાવો.	**[3]**
પ્ર. 34	બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્યના ગણિત ક્ષેત્રે યોગદાનની તુલના કરો.	**[3]**
પ્ર. 35	ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં બાયોટેકનોલોજીની ભૂમિકા સ્પષ્ટ કરો.	**[3]**
પ્ર. 36	મતદારયાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ના બીજા તબક્કા બાબતે જણાવો.	**[3]**
પ્ર. 37	વડાપ્રધાન મોદીની ફેબ્રુઆરી 2026ની ઇઝરાયલ મુલાકાત બાબતે જણાવો.	**[3]**
પ્ર. 38	સાણંદના માઇક્રોન ATMP પ્લાન્ટનું મહત્ત્વ જણાવો.	**[3]**
પ્ર. 39	પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદ વચ્ચેનો સંબંધ સમજાવો.	**[3]**
પ્ર. 40	અનુચ્છેદ 163નું શું મહત્ત્વ છે? શમશેર સિંહ કેસ (1974)માં તેનું કેવું અર્થઘટન કરવામાં આવ્યું?	**[3]**
પ્ર. 41	લોકસભા અને રાજ્યસભા વચ્ચેનો તફાવત તેમની રચના, સત્તાઓ અને કાર્યકાળની દૃષ્ટિએ સ્પષ્ટ કરો.	**[3]**
પ્ર. 42	અખિલ ભારતીય સેવાઓ શું છે? કેન્દ્ર-રાજ્ય સંબંધોમાં તેનું શું મહત્ત્વ છે?	**[3]**
પ્ર. 43	શાસનમાં ‘લઘુતમ સરકાર, મહત્તમ શાસન’નો ખ્યાલ સમજાવો.	**[3]**
પ્ર. 44	અનુચ્છેદ 254 હેઠળ સમવર્તી સૂચિના કાયદાઓમાં વિરોધાભાસ અંગેની જોગવાઈ સમજાવો.	**[3]**
પ્ર. 45	પ્રથમ બંધારણીય સુધારા, 1951ની મુખ્ય જોગવાઈઓ અને તેના મહત્ત્વની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 46	ગ્રામ ન્યાયાલય અધિનિયમ, 2008ની મુખ્ય જોગવાઈઓ જણાવો.	**[3]**
પ્ર. 47	વલણનાં વિવિધ કાર્યો સમજાવો.	**[3]**

પ્ર. 48 પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સમજાવો. **[3]**

પ્ર. 49 ભારતીય ગ્રામીણ અર્થતંત્રના મુખ્ય પડકારો જણાવો. **[3]**

પ્ર. 50 ભારતમાં ઊર્જા ક્ષેત્રે 'વન નેશન, વન ગ્રીડ, વન ફ્રિક્વન્સી'નો ખ્યાલ સમજાવો. **[3]**

વિભાગ – ઘ : 5 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 51–56 · ઉત્તર: આશરે 100 શબ્દો

પ્ર. 51 પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026નાં પરિણામો અને તેના મહત્ત્વની ચર્ચા કરો. **[5]**

પ્ર. 52 ભારતના અધ્યક્ષપદે યોજાયેલા 18મા BRICS શિખર સંમેલનની ચર્ચા કરો. **[5]**

પ્ર. 53 સ્વચ્છ સર્વેક્ષણ 2024-25નાં મુખ્ય પરિણામો અને તેમાં ગુજરાતનાં શહેરોના દેખાવની ચર્ચા કરો. **[5]**

પ્ર. 54 ભારતનું બંધારણ ‘વિશ્વનું સૌથી વિસ્તૃત લેખિત બંધારણ’ શા માટે કહેવાય છે? ચર્ચા કરો. **[5]**

પ્ર. 55 સિવિલ સેવાને શાસનની 'સ્ટીલ ફ્રેમ' કેમ કહેવામાં આવે છે? આ સંદર્ભમાં સરદાર પટેલનું યોગદાન સમજાવો. **[5]**

પ્ર. 56 તમે દરિયાકાંઠાના એક જિલ્લાના કલેક્ટર છો. હવામાન વિભાગે 48 કલાકમાં તીવ્ર વાવાઝોડું ત્રાટકવાની ચેતવણી આપી છે. કાંઠાનાં 40 ગામોમાંથી લોકોનું સ્થળાંતર જરૂરી છે. એક મોટા ગામના માછીમારો હોડીઓ અને ઘરવખરી ચોરાઈ જવાના ડરથી ઘર છોડવાની ના પાડે છે. ગામના આગેવાન કહે છે કે બળજબરી કરશો તો વિરોધ થશે. બીજી તરફ આશ્રયસ્થાનોમાં પૂરતું પીવાનું પાણી, શૌચાલય અને મહિલાઓ માટે અલગ વ્યવસ્થા હજુ તૈયાર નથી. ગયા વર્ષે આવા જ એક આશ્રયસ્થાનમાં અવ્યવસ્થાને કારણે લોકોમાં રોષ હતો. સમય ઓછો છે અને દરેક કલાક કીમતી છે.
આ પરિસ્થિતિમાં તમારી સામેના નૈતિક પડકારો કયા છે? તમે કયા વિકલ્પો વિચારશો? તમે શું કરશો અને શા માટે? **[5]**

— પ્રશ્નપત્ર સમાપ્ત —

આ પ્રશ્નપત્રના **આદર્શ ઉત્તર**, હસ્તલિખિત **માસ્ટર પેપર** અને બીજાં 24 પ્રશ્નપત્રો
યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A પુસ્તકમાં

પ્રિન્ટ પુસ્તક
QR સ્કેન કરી ઓર્ડર કરો

ઈ-બુક
QR સ્કેન કરી ખરીદો

www.unitypublication.org